પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૯૨ | ૧૨ જુન, ૨૦૧૭, સોમવાર ; જયેષ્ઠ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# અંકુશરેખા પર પાકનો ભીષણ ગોળીબાર

**નાગરિક વિસ્તારોને ટાર્ગેટ બનાવાયા : પાકિસ્તાન તરફથી યુદ્ધવિરામના ભંગનો દોર યથાવત જારી : ત્રાસવાદીઓને ઘુસાડવાની યોજના : અંકુશરેખા ઉપર ભારતીય જવાનોનો જડબાતોડ જવાબ**



શ્રીનગર,તા. ૧૧

યુદ્ધવિરામનો ભંગ કરીને પાકિસ્તાની સેના દ્વારા ગોળીબાર જારી રાખવામાં આવ્યો છે. જમ્મુ કાશ્મીરમાં અંકુશ રેખાની નજીક બિમ્બર ગલી સેક્ટરમાં પાકિસ્તાની સેના તરફથી આજે સવારે યુદ્ધ વિરામનો ભંગ કરીને ગોળીબાર કરવામાં આવ્યો હતો. ભારતીય સેનાએ જડબાતોડ જવાબ આપ્યો હતો. પાકિસ્તાની રેન્જર્સે સવારે ૧૦ વાગ્યાની આસપાસ સાંબાના રામગઢમાં બીએસએફના જવાનો પર ગોળીબાર કર્યો હતો. બીએસએફના જવાનોએ પણ જવાબી ગોળીબાર કર્યો હતો. બન્ને તરફથી આશરે ૪૫ મિનિટ સુધી ગોળીબાર જારી રહ્યો હતો. આ ઘટનામાં ભારતીય સરહદમાં કોઇ પણ પ્રકારનુ નુકસાન થયુ નથી.

હાલમાં અકુશ રેખા પર પાકિસ્તાની તરફથી યુદ્ધ વિરામનો ભંગ કરીને ગોળીબારની ઘટનામાં વધારો થયો છે. ઘુસણખોરીના પ્રયાસ પણ વધ્યા છે. સેના વધારે સાવધાન હોવાના કારણે તેમના પ્રયાસ નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે. છેલ્લા ચાર દિવસામાં ઉત્તર કાશ્મીરમાં અંકુશ રેખા પર અથડામણમાં ૧૪ ત્રાસવાદી માર્યા ગયા છે. આમાંથી એક અથડામણમાં એક જવાન શહીદ થયો હતો. પાકિસ્તાન દ્વારા ગોળીબાર કરીને ત્રાસવાદીઓને

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### સેનાએ ૪ દિવસમાં ૧૩ આતંકીઓને ઠાર કર્યા



ભારતીય સેનાએ જાહેર કર્યું છે કે છેલ્લા ૪ દિવસમાં ઘૂષણખોરી કરનારા ૧૩ આતંકવાદીઓને સેનાએ ઠાર કર્યા છે. એલઓસી પાર કરીને ભારતમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરનારા આતંકવાદીઓને સેનાએ ઠાર કરી વિસ્ફોટક સામગ્રી જપ્ત કરી છે.

### કોંગ્રેસ નેતા સિંધિયા કરશે સત્યાગ્રહ



મધ્યપ્રદેશમાં હિંસક ખેડૂત આંદોલનના વિરોધમાં મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ ઉપવાસ પર બેઠા હતા. હવે કોંગ્રેસી નેતા જ્યોતિરાદિત્ય સિંધિયાએ ઉપવાસ પર બેસવાની વાત કરી છે. તેઓ ખેડૂતોના આંદોલન મુદ્દે ૧૪મી જૂનથી ૭૨ કલાક માટે સત્યાગ્રહ કરશે.

### આઈઆઈટી-જી એડવાન્સનું રિઝલ્ટ જાહેર

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (આઈઆઈટી)માં એડમિશન માટે જરૂરી એન્ટ્રન્સ એકઝામ જીઈઈ એડવાન્સ્ડ ૨૦૧૭નું રિઝલ્ટ જાહેર થઈ ગયુ છે. કોટાના ૩ વિદ્યાર્થીઓએ ટોપ-૧૦માં સ્થાન મેળવ્યુ હતુ. લગભગ ૨ લાખ વિદ્યાર્થીઓએ આ એક્ઝામ આપી હતી.

### વોરેન બફેટ સાથે લંચ કરવા ચૂકવવા પડે છે રૂ. ૧૭.૨૫ કરોડ



એક અજાણ્યા વ્યક્તિએ વિશ્વના સૌથી સફળ ઈન્વેસ્ટર અને ચોથા સૌથી ધનવાન વ્યક્તિ વોરેન બફેટ સાથે લંચ ડેટ પર જવા રૂ. ૧૭.૨૫ કરોડની ચૂકવણી કરી હતી. બેઘર લોકોની મદદ કરવા બફેટ સતત ૧૮ વર્ષોથી લંચની હરાજી કરી ગ્લાઈડ ફાઉન્ડેશન માટે ફાળો ઉઘરાવે છે.

### ફ્લાઈટમાં મળશે વાઈફાઈની સુવિધા

ભારતની સુરક્ષા એજન્સીઓએ ફ્લાઈટમાં વાઈફાઈ આપવાના મુદ્દે સહમતી આપી છે. હવે ટુંક સમયમાં પ્લેનમાં પણ વાઈફાઈની સુવિધા ઉપલબ્ધ બનશે.

## જીએસટી રેટ સુધારા




- ૧૦૦ રૂપિયાથી ઓછી કિંમતની ફિલ્મની ટિકિટો પર ૧૮ ટકા ટેક્સ રહેશે. ૧૦૦ રૂપિયાથી ઉપરની ફિલ્મી ટિકિટ ઉપર ૨૮ ટકા ટેક્સ.
- કોમ્પ્યુટર પ્રિન્ટર્સ પર ટેક્સ રેટ ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરાયો
- બાળકોની ડ્રોઈંગ બુક ઉપર ટેક્સ ૧૨ ટકાથી ઘટાડીને શૂન્ય ટકા કરાયો
- પિકલ્સ, મસ્ડર્ટ સોસ, મુરબ્બા જેવી રસોડામાં ઉપયોગ આવતી વસ્તુઓ પર ૧૮ ટકાના બદલે હવે ૧૨ ટકા ટેક્સ
- સેનેટરી નેપકિન ઉપર ટેક્સ રેટ યથાવત રાખવાનો નિર્ણય કરાયો
- ઈન્સ્યુલીન ઉપર ટેક્સ રેટ ૧૨ ટકાથી ઘટાડીને ૫ ટકા કરાયો. ડેન્ટલ વેક્સ પર ટેક્સ ૨૮ ટકાથી ઘટાડીને ૮ ટકા કરાયો
- ઈન્સ્ટન્ટ ફુડ જેવી વસ્તુઓ પર જીએસટી રેટ ૧૮ ટકાથી ઘટાડી ૧૨ ટકા કરાયો
- વાલીઓ અને માતા-પિતાની રજૂઆત બાદ સ્કૂલ રેટ પર ટેક્સ રેટ ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યો

● અનુસંધાન પાન-૭ પર

# ૬૬ વસ્તુઓના જીએસટી રેટમાં ઘટાડો

**ટ્રેક્ટરના સાધનો, કોમ્પ્યુટર પાર્ટ્સ સસ્તા કરવાનો નિર્ણય : જીએસટી કાઉન્સિલની બેઠકમાં ૧૩૩ વસ્તુઓ પૈકી ૬૬ વસ્તુઓના ટેક્સ રેટમાં ઘટાડાનો નિર્ણય : ઇન્સ્યુલીન, સ્કૂલબેગ, પ્રિન્ટર્સ, અગરબત્તી સસ્તી**

નવી દિલ્હી,તા. ૧૧

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં જીએસટી કાઉન્સિલે અનેક પ્રોડક્ટ પર ટેક્સના દરોમાં સુધારા કરવાનો નિર્ણય કર્યો છે. ખાસ કરીને ખેડૂતોને રાહત આપીને કાઉન્સિલે ટ્રેક્ટરના સાધનોને ૨૮ ટકાના સ્લેબથી દૂર કરીને ૧૮ ટકાના સ્લેબમાં સામેલ કરવાનો નિર્ણય કર્યો છે. મિટિંગ બાદ નાણામંત્રી અરુણ જેટલીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતુ કે, કોમ્પ્યુટર પ્રિન્ટર પર ૨૮ ટકાના બદલે ૧૮ ટકા ટેક્સ લાગૂ કરવાનો નિર્ણય કરાયો છે. આ ઉપરાંત કાજૂ ઉપર ટેક્સને ૧૮ ટકાથી ઘટાડીને ૧૨ ટકા કરવાનો નિર્ણય કરાયો છે. કાઉન્સિલની આગામી બેઠક હવે આગામી રવિવારે એટલે કે ૧૮મી જૂનના દિવસે મળશે.

● અનુસંધાન પાન-૭ પર

# મહારાષ્ટ્રમાં ખેડૂતોનું દેવું માફ કરવા નિર્ણય

**મહારાષ્ટ્રના ખેડૂતોને આખરે મોટી રાહત : નાના-મધ્યમ ખેડૂતોના દેવા માફી માટેની પેનલની રચના કરવા નિર્ણય નિર્ણય બાદ ખેડૂતો દ્વારા આંદોલનનો અંત**

મુંબઈ, તા. ૧૧

મહારાષ્ટ્રના ખેડૂતોને આજે મોટી રાહત આપવામાં આવી હતી. દેવેન્દ્ર ફડનવિસ સરકારે ખેડૂતોની નારાજગીને દૂર કરવા આજે દેવું માફ કરવાનો નિર્ણય કર્યો હતો. ખેડૂતોના દેવાને માફ કરવા અંગેના નિર્ણયની જાહેરાત કરવામાં આવ્યા બાદ ખેડૂતોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. આના માટે એક પેનલની રચના પણ કરવામાં આવી છે. આ પેનલ દેવા માફીને લાગૂ કરવા માટે રુપરેખા તૈયાર કરશે. સરકારના આ નિર્ણય બાદ ખેડૂત નેતાઓએ હવે પ્રદર્શન ન કરવાનો નિર્ણય કર્યો છે. સાથે સાથે દેખાવો અને આંદોલનનો અંત આણ્યો છે. સ્વાભિમાની શ્વેતકારી સંગઠનના રાજુ શેટ્ટીએ માહિતી આપતા કહ્યું છે કે, સરકારે લોન માફી સહીત અનેક મહત્વની માંગો પૂર્ણ કરવા માટે વચન આપ્યું છે. આવું નહીં હોવાની સ્થિતિ ૨૫મી જુલાઈથી ફરી આંદોલન કરવામાં આવશે. ભાજપના સાથી પક્ષ શિવસેનાએ સરકારને ચેતવણી આપતા કહ્યું હતું કે, જો સરકાર ખેડૂતોના દેવાને માફ નહીં કરે તો મધ્ય સત્ર ચૂંટણી યોજવાની ફરજ પાડવામાં આવશે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ પણ છેલ્લા કેટલાક દિવસથી ખેડૂતો સાથે વાતચીત કરીને મામલાનો અંત લાવવાના પ્રયાસ કરી રહ્યા હતા. મહારાષ્ટ્રની સાથે સાથે મધ્યપ્રદેશમાં પણ ચાલી રહેલા ખેડૂતોના આંદોલને ઉગ્ર સ્વરુપ ધારણ કરી લીધું હતું. ત્યારબાદ સ્થિતિને કાબૂમાં લેવામાં મુશ્કેલી નડી રહી હતી. એમ માનવામાં આવી રહ્યું હતું કે, મધ્યપ્રદેશના આંદોલનથી બોધપાઠ લઈને મહારાષ્ટ્રની ફડનવીસ સરકારે લોન માફીનો નિર્ણય કર્યો છે.

# આફ્રિકાને પરાજિત કરી ભારત સેમિફાઈનલમાં

**દક્ષિણ આફ્રિકા માત્ર ૧૯૧ રનમાં ઓલઆઉટ થઇ થયું : શ્રીલંકાની સામે નિરાશાજનક દેખાવ બાદ ભારતીય બોલરો અને ફિલ્ડરોનો જોરદાર દેખાવ : શિખર ધવનની પણ શાનદાર બેટિંગ : આફ્રિકા ફરી ફ્લોપ**

ઓવલ,તા. ૧૧

ઓવલના મેદાન ઉપર





રમાયેલી આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની ગ્રુપ બીની મેચમાં ભારતે આજે દક્ષિણ આફ્રિકા ઉપર શાનદાર જીત મેળવીને આગેકૂચ કરી લીધી હતી. જીતવા માટેના ૧૯૨ રન ભારતે ૩૮ ઓવરમાં બે વિકેટ ગુમાવીને બનાવી લીધા હતા. વિરાટ કોહલી ૭૬ રન બનાવીને નોટઆઉટ રહ્યો હતો જ્યારે શિખર ધવન ૭૮ રન કરીને આઉટ થયો હતો. આ જીતની સાથે જ ભારતે સેમિફાઈનલમાં આગેકૂચ કરી લીધી છે. ભારતે પ્રથમ મેચમાં પાકિસ્તાન ઉપર જીત મેળવી હતી. બીજી મેચ હારી ગયા બાદ આજે આફ્રિકા સામે જીત મેળવી હતી. ભારતે પોતાની ગ્રુપ બીની છેલ્લી મેચમાં દક્ષિણ આફ્રિકા ઉપર સરળ જીત મેળવી હતી. ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યા બાદ આફ્રિકન ટીમનો ધબડકો થયો હતો. ભારતીય બોલરો અને ફિલ્ડરો સામે આફ્રિકન ટીમના બેટ્સમેનો તેમની યોજનામાં નિષ્ફળ ગયા હતા. પ્રથમ વિકેટની ભાગીદારીમાં ડીકોક અને અમલાએ સારી શરૂઆત કરી હતી અને ૭૬ રન ઉમેર્યા હતા પરંતુ બીજી વિકેટ ૧૧૬ રને ગુમાવી દીધા બાદ જોરદાર ધબડકો થયો હતો અને નિયમિત ગાળામાં આફ્રિકાએ વિકેટો ગુમાવી હતી. ભારત તરફથી ભુવનેશ્વર અને બુમરાહે બે બે વિકેટ ઝડપી હતી. આફ્રિકાએ તેની છેલ્લી આઠ વિકેટ ૭૫ રનમાં ગુમાવી દીધી હતી. જીતવા માટેના ૧૯૨ રનના લક્ષ્યાંક સામે ભારતે રોહિત શર્માની વિકેટ ઝડપથી ગુમાવી હતી પરંતુ ત્યારબાદ શિખર ધવન અને કોહલીએ ભવ્ય બેટિંગ કરીને ભારતને જીત અપાવી હતી. શિખર ધવન ૭૮ રન કરીને આઉટ થયો હતો. શિખર ધવને આ અગાઉની મેચમાં શ્રીલંકા સામેની મેચમાં સદી કરી હતી. વિરાટ કોહલીએ પણ કેપ્ટન ઈનિંગ્સ રમી હતી. અગાઉ ૮મી જૂનના દિવસે આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની ગ્રુપ બીની એક હાઈ સ્કોરિંગ મેચમાં શ્રીલંકાએ હોટફેવરીટ ભારત પર સાત વિકેટે જીત મેળવીને કરોડો ક્રિકેટ ચાહકોને ચોંકાવી દીધા હતા. શ્રીલંકા સામે ભારતે ૩૨૧ રન બનાવ્યા હોવા છતાં શ્રીલંકાએ માત્ર ત્રણ વિકેટ ગુમાવીને આ રન બનાવી દીધા હતા. જેથી તેની જીત થઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તરપ્રદેશમાં કાર નદીમાં પડતા ૧૦ના મોત

મથુરા, તા. ૧૧

ઉત્તર પ્રદેશમાં મથુરા જિલ્લાના મકેરા વિસ્તારમાં આજે એક કાર નદીમાં ખાબકી જતાં ૧૦ લોકોના મોત થઈ ગયા હતા અને કેટલાક લોકો ઘાયલ થયા હતા. મૃતકોમાં પાંચ પુરુષ અને પાંચ મહિલાઓનો સમાવેશ થાય છે. બરેલીના એક પરિવારને આ દુર્ઘટના નડી હતી. આ પરિવાર બરેલીના રાજીવ કોલોનીમાં રહેનાર હોવાની વિગત મળી છે. દુર્ઘટનાગ્રસ્ત કારમાં શ્રદ્ધાળુઓ હતા. પોલીસ અધિકારી આદિત્ય શુક્લાએ માહિતી આપતા કહ્યું છે કે, કારમાં રહેલા લોકો

● અનુસંધાન પાન-૭ પર

**જાગો વાલીશ્રી જાગો**

→ શું તમે હજુ પણ 80ના ટોળાવાળા ક્લાસીસમાં આપના બાળકને મોકલો છો ?
→ ફક્ત પ્રથમ ત્રણ હરોળને જ ભણાવતા ક્લાસીસમાં આપના બાળકને મોકલો છો ? (શું તમે ફી નથી ભરતા ?)
→ Boardના અતિ અગત્યના વર્ષમાં આપના બાળકનું ભવિષ્ય શા માટે અંધકારમય બનાવો છો.

તો, સુજ્ઞવાલીગણ હજુ પણ એક તક છે... આજે જ એડમીશન લો "વસાવડા ગ્રુપ"માં

અભ્યાસ સ્થળ : સે.22, સે.23, સે.2/A, સે.6/B

9998727508, 99987 27509




